**અગ્રતાક્રમ:** **૨૧**

**વિભાગ:** **આદિજાતિ વિકાસ વિભાગ**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૧૪૪૫**

# પંદરમી ગુજરાત વિધાનસભા
# ચોથું સત્ર

**પ્રશ્નનું શિર્ષક:** **સુરત જિલ્લાના કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત.**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ**

**તથા તેમનો મત વિસ્તાર:** **શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ)**

## સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

* **15/4/1445** :શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી (કરંજ): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં નીચે મુજબના લાભાર્થી ઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | કુલ: ૫૪૭૯ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | કુલ: ૪૨૧૦ |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૪૫**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘાંરી( કરંજ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘાંરી( કરંજ)**

---

**પ્રશ્ન-(૧) કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત સુરત જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર મળેલ અરજી અને લાભ આપેલ લાભાર્થીની સંખ્યા?**

**જવાબઃ-**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૩-૨૪ | | વર્ષ ૨૦૨૨-૨૩ | | વર્ષ ૨૦૨૧-૨૨ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજી | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા | મળેલ અરજી | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા | મળેલ અરજી | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા |
| ૧ | માંડવી | ૭૧૪ | ૭૧૪ | ૧૬૪૦ | ૧૬૩૪ | ૧૭૪૦ | ૧૩૨૪ |
| ૨ | બારડોલી | ૧૧૦ | ૧૧૦ | ૭૭ | ૬૯ | ૧૦ | ૧૦ |
| ૩ | મહુવા | ૬૨૭ | ૬૨૭ | ૧૧૦૨ | ૧૦૯૬ | ૨૨૦૭ | ૨૧૧૧ |
| ૪ | ઉમરપાડા | ૮૪૧ | ૮૪૧ | ૧૨૮૯ | ૧૨૭૮ | ૧૮૦૦ | ૧૭૪૭ |
| ૫ | માંગરોલ | ૧૯૨ | ૧૯૨ | ૧૪૦ | ૧૩૩ | ૩૦૭ | ૨૮૭ |
| | **કુલ-** | **૨૪૮૪** | **૨૪૮૪** | **૪૨૪૮** | **૪૨૧૦** | **૬૦૬૪** | **૫૪૭૯** |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૧૪૪૫**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘાંરી( કરંજ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી નિમિષાબેન સુથાર (મોરવા-હડફ)**

---

**પ્રશ્નઃ-(૨) કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત સુરત જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં જીલ્લાવાર પાકવાર લાભાર્થીની સંખ્યા**

**જવાબઃ-**

| ક્રમ | વર્ષ | પાકના નામ | તાલુકાવાર લાભાર્થી સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | માંડવી | બારડોલી | મહુવા | ઉમરપાડા | માંગરોલ | કુલ લાભાર્થી સંખ્યા |
| ૧ | ૨૦૨૧-૨૨ | કારેલા | ૩૧૪ | ૦ | ૬૩૦ | ૪૬૦ | ૫૩ | ૧૪૫૭ |
| | | ભીંડા | ૧૨૦ | ૧૦ | ૧૯૫ | ૨૭૮ | ૬૮ | ૬૭૧ |
| | | ટામેટાં | ૧૨૦ | ૦ | ૨૧૦ | ૨૦૦ | ૭૮ | ૬૦૮ |
| | | રીંગણ | ૫૨૦ | ૦ | ૩૨૦ | ૨૭૨ | ૭૯ | ૧૧૯૧ |
| | | દૂધી | ૨૫૦ | ૦ | ૭૫૬ | ૫૩૭ | ૯ | ૧૫૫૨ |
| **કુલ** | | | **૧૩૨૪** | **૧૦** | **૨૧૧૧** | **૧૭૪૭** | **૨૮૭** | **૫૪૭૯** |
| ૨ | ૨૦૨૨-૨૩ | કારેલા | ૩૩૨ | ૧૫ | ૧૩૯ | ૧૯૪ | ૧૯ | ૬૯૯ |
| | | ભીંડા | ૩૬૩ | ૨૧ | ૪૪૮ | ૨૬૧ | ૩૨ | ૧૧૨૫ |
| | | ટામેટાં | ૪૧૧ | ૧૦ | ૨૩૭ | ૪૬૫ | ૪૩ | ૧૧૬૬ |
| | | રીંગણ | ૩૭૮ | ૧૧ | ૧૩૧ | ૨૫૮ | ૨૯ | ૮૦૭ |
| | | દૂધી | ૧૫૦ | ૧૨ | ૧૪૧ | ૧૦૦ | ૧૦ | ૪૧૩ |
| **કુલ** | | | **૧૬૩૪** | **૬૯** | **૧૦૯૬** | **૧૨૭૮** | **૧૩૩** | **૪૨૧૦** |
| ૩ | ૨૦૨૩-૨૪ | જુવાર | ૩૯ | ૦ | ૧ | ૦ | ૨૦ | ૬૦ |
| | | તુવેર | ૩૩૦ | ૩૨ | ૨૨૪ | ૪૭૦ | ૭૯ | ૧૧૩૫ |
| | | ડાંગર- | ૧૯૮ | ૨૬ | ૧૭૭ | ૨૦૨ | ૩૪ | ૬૩૭ |
| | | રીંગણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | ભીંડા | ૧૦૬ | ૪૭ | ૧૫૫ | ૧૦૨ | ૪૧ | ૪૫૧ |
| | | અડદ | ૪૧ | ૫ | ૭૦ | ૬૭ | ૧૮ | ૨૦૧ |
| **કુલ** | | | **૭૧૪** | **૧૧૦** | **૬૨૭** | **૮૪૧** | **૧૯૨** | **૨૪૮૪** |

# <u>પૂરક માહિતી</u>

**<u>પ્રશ્ન–૦૧</u>** **કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ ક્યા વર્ષથી શરૂ કરવામાં આવ્યુ અને યોજનાનો હેતુ શું છે? તથા લાભાર્થીઓને શુ લાભ થાય અને આવકમાં કેટલો વધારો થાય છે?**

**જવાબ** કૃષિ વૈવિધ્યકરણ યોજના યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૧૨–૨૦૧૩થી શરૂ કરવામાં આવ્યુ તથા યોજનાનો હેતુ આદિજાતિ ખેડુતોને આધુનિક ઢબે ખેતી કરવા પ્રોત્સાહિત કરી ખેડુતોનું ખેત ઉત્પાદન વધારવું, તથા આદિજાતિ પરીવારની આવકમાં વધારો કરી તેઓના પરીવારનું જીવન ધોરણ ઉચું લાવવું. લાભાર્થીઓને સારી ગુણવતાયુક્ત બિયારણ આપવામાં આવે છે જેના થકી ઉત્પાદનમાં વધારો થાય છે પરીણામે આવકમાં વધારો થતા લાભાર્થીનું જીવન ધોરણ ઉચું આવે છે.

**"ઈરમા"** દ્વારા હાથ ધરવામાં આવેલ ઈમ્પેક્ટ સ્ટડીના રીપોર્ટ દરમિયાન લાભાર્થીઓને ઉચ્ચ ગુણવતા યુક્ત બિયારણ થકી આવકમાં ૪૦ થી ૬૦%નો વધારો થયેલ હોવાનું માલુમ પડેલ છે.

**<u>પ્રશ્ન–૦૨</u>** **કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ નાણાકિય જોગવાઈ કેવી રીતે કરવામાં આવે છે? તથા યોજના હેઠળ આજ દીન સુધીમાં કેટલા રૂપિયાના ખર્ચે કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા?**

**જવાબ** કૃષિ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગની વીકેવાય–૧૯ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ચાલુ બાબત તરીકે દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે આ ઉપરાંત ભારત સરકારશ્રી દ્વારા આર્ટીકલ ૨૭૫(૧) જેવી યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તથા યોજના હેઠળ આજ દીન સુધીમાં કુલ ૩.૨૪૫.૬૩ કરોડના ખર્ચે કુલ ૧૧,૬૧,૬૮૦ આદિજાતિ ખેડુતોને લાભ આપવામાં આવ્યો છે.

**<u>પ્રશ્ન–૦૩</u>** **આ યોજના હેઠળ લાભાર્થીઓને ક્યા ક્યા પ્રકારના લાભો આપવામાં આવે છે?**

**જવાબ** આ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીને વર્ષ ૨૦૨૨–૨૦૨૩ સુધી સુધારેલ મકાઈનું બિયારણ અને શાકભાજીના બિયારણ જેમાં રીંગણ, ટામેટા, દુધી, કારેલા અને ભિંડા માથી કોઈ પણ એક જાતનું બિયારણ સાથે ૪૫ કિલો યુરીયાની એક થેલી તથા ૫૦ કિલો પ્રોમનું ખાતર એક થેલી આપવામાં આવેલ.

વર્ષ ૨૦૨૩–૨૦૨૪ થી લાભાર્થીને સોયાબીન, મગફળી, ડાંગર અને રીંગણ, અડદ, જુવાર, તુવેર, ભીંડા, બાજરા, નાગલી પૈકી બિયારણ અને ખાતરમાં ૧ બોટલ (૫૦૦ml) નેનો યુરીયા, ૧ થેલી પ્રોમ (૫૦ કિલો) ૧ થેલી ડી.એ.પી. (૫૦ કિલો) ની સાથે લાભાર્થી ખેડુતોનું જુથ બનાવી ગ્રામ્ય/ તાલુકા કક્ષાએ જી.એસ.એફ.સી. એગ્રોટેક લી. ના કૃષિ તજજ્ઞ દ્વારા રોપણી અંગેની તાલીમ આપવામાં આવે છે તથા માર્કેટ લિન્કેજ માટે મદદ કરવામાં આવે છે.

**<u>પ્રશ્ન–૦૪</u>** **કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થી પસંદગીની પાત્રતા શુ છે? તથા લાભાર્થી પસંદગી પ્રર્કિયા વધુ પારદર્શીત બને તે માટે ક્યા પગલા લેવામાં આવેલ છે? તથા યોજના હેઠળ લાભાર્થી પસંદગી પ્રક્રિયા શુ છે?**

**જવાબ** આ યોજના હેઠળ લાભાર્થીની પસંદગીની પાત્રતા (૧) લાભાર્થી આદિજાતિ ખેડુત હોવો જોઈએ (૨) ૦ થી ૨૦ બી.પી.એલ. સ્કોર ધરાવતા લાભાર્થી (૩) એફ.આર.એ. લાભાર્થીઓને પ્રાથમિક્તા (૩) લાભાર્થી ઓછામાં ઓછી ૦.૫ એકર જમીન ધરાવતો હોવો જોઈએ તથા લાભાર્થી પસંદગી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને અને લાભાર્થીને સમયસર યોજનાનો લાભ મળે તે હેતુથી ડી–સેગ દ્વારા https://dsagsahay.gujarat.gov.in/ “ONLINE PORTAL” વિકસાવવાની કામગીરી વર્ષ ૨૦૨૨–૨૦૨૩થી હાથ ધરવામાં આવેલ છે. ઓનલાઈન પોર્ટલ કાર્યાન્વિંત થવાથી આદિજાતિ ખેડુતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા કચેરી સુધી જવાની ફરજ પડતી નથી તેમજ અરજી કરવાથી લઈ લાભ મંજુર થવાની સમગ્ર પ્રકિયા ઓનલાઈન છે તથા આદિજાતિ ખેડૂત અરજદારશ્રીઓના બીપીએલ સ્કોર (ઓછા બીપીએલ સ્કોરના લાભાર્થીને પ્રથમ પ્રાથમિકતા) મુજબ પસંદગી કરવામાં આવે.

**પ્રશ્ન–૦૫ કૃષિ વૈવિધ્યકરણ યોજનાની અમલવારી તથા યોજનાનું મોનિટરીંગ અને સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે? અને કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આપવામાં આવતા બિયારણની ચકાસણી કરવામાં આવે છે કે કેમ? જો હા તો કઈ પદ્ધતિથી તથા ખાતર અને બિયારણની ખરીદી કઈ રીતે કરવામાં આવે છે.**

**જવાબ** યોજનાની અમલવારી જી.એસ.એફ.સી. ની સબસીડરી કંપની જી.એસ.એફ.સી. એગ્રોટેક લી. દ્વારા તથા યોજનાનું સુપરવિઝન અને મોનિટરીંગ રાજ્યકક્ષાએ ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત દ્વારા તથા જીલ્લા ક્ક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. યોજના હેઠળ આપવામાં આવતા બિયારણની ચકાસણી જીલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા રેન્ડમ સેમ્પલ લઈ જર્મીનેશન રીપોર્ટથી મારફત તથા ખાતર અને બિયારણની ખરીદી ભારત સરકારશ્રીના નેશનલ સીડ્સ કોર્પોરેશન લી દ્વારા બિયારણ પુરૂ પાડવામાં આવે છે તથા ખાતર જી.એસ.એફ.સી પાસેથી પુરૂ પાડવામાં આવે છે.

**પ્રશ્ન–૦૬ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સરકારશ્રી અને ભારત સરકારશ્રી તરફથી કેટેલી ગ્રાન્ટ મળેલ છે?**

**જવાબ**

| ક્રમ | વર્ષ | ગુજરાત સરકારશ્રી યોગદાન (રૂ.કરોડમાં) | ભારત સરકારશ્રી યોગદાન (રૂ.કરોડમાં) | કુલ યોગદાન (રૂ. કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૧૮–૧૯ | રૂ.૫.૦૦ કરોડ | રૂ.૨૫ કરોડ | રૂ.૩૦.૦૦ કરોડ |
| ૨ | ૧૯–૨૦ | રૂ.૧૫.૬૧ કરોડ | રૂ.૧૭.૯૫ કરોડ | રૂ.૩૩.૫૬ કરોડ |
| ૩ | ૨૦–૨૧ | રૂ.૧૫.૬૦ કરોડ | રૂ.૧૨.૬૧ કરોડ | રૂ.૨૮.૨૧ કરોડ |
| ૪ | ૨૧–૨૨ | રૂ.૧૫.૬૧ કરોડ | રૂ.૦૦.૦૦ કરોડ | રૂ.૧૫.૬૧ કરોડ |
| ૫ | ૨૨–૨૩ | રૂ.૩૦.૦૦ કરોડ | રૂ.૦૪.૦૦ કરોડ | રૂ.૩૪.૦૦ કરોડ |

**પ્રશ્ન–૦૭ કૃષિ વૈવિધ્યકરણ યોજનાની વર્ષ ૨૦૨૩–૨૦૨૪ માં યોજનાની યુનિટ કોસ્ટ શુ છે?**

**જવાબ**

| ક્રમ નં | બિયારણનું નામ | બિયારણનો જથ્થો (કિ.ગ્રામાં) | ખાતર (નામ અને જથ્થો) | | | કિટની કિમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૦ | નેનો યુરીયા (૧ બોટલ –૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫૩૦૦/– |
| ૨ | સોયાબીન | ૨૫ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫૨૦૦/- |
| ૩ | તુવેર | ૩ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૩૨૦/- |
| ૪ | ડાંગર | ૬ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૪૮૩/- |
| | રીંગણ | ૦.૦૨ | | | | |
| ૫ | જુવાર | ૪ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૩૧૦૦/- |
| ૬ | ભિંડા | ૨ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૮૭૬/- |
| ૭ | અડદ | ૪ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૭૦૦/- |
| ૮ | નાગલી | ૨ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૪૮૦/- |
| ૯ | બાજરા | ૧.૫ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૭૭૦/- |

**ડી.એ.પી.- ડાયમોનિયમ ફોસ્ફેટ**

**પ્રોમ- ફોસ્ફેટ રિચ ઓર્ગેનિક ખાતર**

**પ્રશ્ન–૦૮ કૃષિ વૈવિધ્યકરણ યોજના શરૂ થયેથી આજ દીન સુધીની વર્ષવાર ખર્ચ અને મેળવેલ સિધ્ધી?**

**જવાબ** આ યોજના શરૂ થયેથી આજ દીન સુધીની વર્ષવાર ખર્ચ અને મેળવેલ સિધ્ધી નીચે મુજબ છે.

| વર્ષવાર સિદ્ધી અને ખર્ચ | | | | |
|---|---|---|---|---|
| **વર્ષ** | **ગ્રાન્ટ (રૂ. કરોડમાં)** | **ગ્રાન્ટ ખર્ચ (રૂ. કરોડમાં)** | **લાભાર્થી લક્ષ્યાંક** | **લાભાર્થી સિદ્ધી** |
| ૨૦૧૨–૧૩ | ૨૯.૭૯ | ૨૯.૭૯ | ૨૧૦૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૦૧૩–૧૪ | ૨૨.૯૧ | ૨૨.૯૧ | ૨૨૩૦૦૦ | ૨૨૩૦૦૦ |
| ૨૦૧૪–૧૫ | ૩૪.૨૯ | ૩૪.૨૯ | ૧૩૬૪૮૭ | ૧૩૬૪૮૭ |
| ૨૦૧૫–૧૬ | ૩૪.૦૦ | ૩૪.૦૦ | ૧૦૫૩૭૦ | ૧૦૫૩૭૦ |
| ૨૦૧૬–૧૭ | ૨૯.૯૨ | ૨૯.૯૨ | ૮૫૬૯૪ | ૮૫૬૯૪ |
| ૨૦૧૭–૧૮ | ૧૦.૭૮ | ૧૦.૭૮ | ૩૬૬૦૪ | ૩૬૬૦૪ |
| ૨૦૧૮–૧૯ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૯૧૦૯૫ | ૯૧૦૯૫ |
| ૨૦૧૯–૨૦ | ૨૮.૨૨ | ૨૮.૨૨ | ૭૦૫૭૩ | ૭૦૫૭૩ |
| ૨૦૨૦–૨૧ | ૩૩.૫૬ | ૩૩.૫૬ | ૭૬૭૦૦ | ૭૬૭૦૦ |
| ૨૦૨૧–૨૨ | ૨૫.૭૪ | ૩૦.૦૦ | ૧૨૬૭૦૦ | ૧૧૯૧૫૩ |
| ૨૦૨૨–૨૩ | ૩૪.૦૦ | ૩૩.૨૬ | ૧૨૩૭૦૬ | ૧૦૫૬૧૩ |
| ૨૦૨૩–૨૪ | ૩૦.૦૦ | ૩૦.૦૦ | ૭૪૧૭૪ | ૭૧૪૯૫ |
| **કુલ** | **૩૪૩.૨૦** | **૩૪૬.૭૨** | **૧૩૬૦૧૦૩** | **૧૩૩૧૭૮૪** |

** નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨ દરમિયાન રૂ.૦૪.૨૬ કરોડ રકમ લાભાર્થી ફાળામાંથી ખર્ચ કરવામાં આવેલ હોય સબબ ગ્રાન્ટ કરતા ખર્ચ વધુ થવા પામેલ છે.

પ્રશ્ન–૦૯ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીને વર્ષવાર ક્યા પાકની સહાય આપવામાં આવી?

જવાબ

| વર્ષ | લાભાર્થીને આપવામાં આવતુ બિયારણ |
|---|---|
| ૨૦૧૨–૧૩<br>૨૦૧૩–૧૪<br>૨૦૧૪–૧૫ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>(દુધી, રીંગણ, ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૧૫–૧૬ | શાકભાજીના પાક માટેની સહાય<br>દુધી, રીંગણ, ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૧૬–૧૭ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>દુધી,રીંગણ,ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૧૭–૧૮ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>દુધી,રીંગણ,ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૧૮–૧૯ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>દુધી,રીંગણ,ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૨૦–૨૧ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>દુધી, રીંગણ, ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૨૧–૨૨ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>દુધી,રીંગણ,ટામેટા, કારેલા, ભિંડા) |
| ૨૦૨૨–૨૩ | સુધારેલ મકાઈ અને શાકભાજીના બિયારણ<br>દુધી,રીંગણ,ટામેટા, કારેલા, ભિંડા) |

| ૨૦૨૩–૨૪ | સોયાબીન, મગફળી, ડાંગર અને રીંગણ, બાજરા, નાગલી, તુવેર, જુવાર, ભીંડા અને અડદ |
|---|---|

**પ્રશ્ન–૧૦ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત લાભાર્થીને આપવાના થતા બિયારણ અને ખાતરની પસંદગી કોના દ્વારા તથા લાભાર્થીઓને બિયારણ અને ખાતરની કિટ વિતરણ કરવા માટે કેવા પ્રકારની વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે?**

**જવાબ** કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ લાભાર્થીઓને આપવાના થતા બિયારણ અને ખાતરની પસંદગી ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી–સેગ)ની ગવર્નિંગ બોર્ડીમાં કરવામાં આવે છે તથા લાભાર્થીઓને બિયારણ અને ખાતરના કિટની વિતરણ વ્યવસ્થા માટે ૧૪ આદિજાતિ જીલ્લાના ૫૩ તાલુકા અને સાથે સાથે ગ્રામ્ય સ્તરે અમલીકરણ એજન્સી જી.એસ.એફ.સી. એગ્રોટેલ લી. દ્વારા ૧૩૦ થી વધુ ડેપોની વ્યવસ્થા છે. આ ડેપો પરથી લાભાર્થીઓને કિટનું વિતરણ કરવામાં આવે છે તેમજ લાભાર્થીઓને વિતરણના સમય અને તારીખ તેમજ સ્થળની વિગત એસ.એમ.એસ.થી તથા ટેલીફોનથી જણાવવામાં આવે છે.

**પ્રશ્ન–૧૧ યોજનાનો લાભ લેવા અરજદારે ક્યા ક્યા પ્રકારના આધાર પુરાવા આપવાના થાય છે તથા યોજનાનો અમલ ક્યા સમયગાળામાં કરવામાં આવે છે તથા ખાતર– બિયારણનું વિતરણ ક્યા માસમાં શરૂ કરવામાં આવે છે?**

**જવાબ** કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો લાભ લેવા અરજદારે ૭/૧૨ ૮– અ નો દાખલો, રાશનકાર્ડ, બીપીએલ કાર્ડ, જાતિ પ્રમાણપત્ર, જો ખેડુત લાભાર્થી

એફ.આર.એ.ના લાભાર્થીમાં હોય તો વન અધિકાર પત્રનો આધાર જરૂરી છે. યોજનાનો અમલ એપ્રિલ માસથી લઈને જુલાઈ માસ સુધી કરવામાં આવે છે અને કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખાતર અને બિયારણનું વિતરણ મે – માસમાં શરૂ કરવામાં આવે છે.

**પ્રશ્ન–૧૨ કૃષિ વૈવિધ્યકરણ યોજનામાં વર્ષ ૨૦૨૩–૨૦૨૪માં યોજના હેઠળ બિયારણ બદલવા પાછળના કારણો શુ હતા?**

**જવાબ** માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૩–૨૦૨૪ ને “International Millets Year” તરીકે જાહેર કરવામાં આવેલ છે. વધુમાં આ યોજના હેઠળ શરૂઆતથી શાકભાજી અને મકાઈના બિયારણ આપવામાં આવતા હતા જેથી વર્ષ ૨૦૨૩–૨૪ અંતર્ગત ખેડુતોની પ્રાથમિક્તા ધ્યાનમાં રાખીને બિયારણ બદલાવવામાં આવેલ છે. જેમા મુખ્યત્વે પસંદ કરેલા પાકના બજારભાવ અને પોષણક્ષમતાને પણ ધ્યાને લેવામાં આવેલ હતા.

**પ્રશ્ન–૧૩ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર મળેલ અરજી સામે લાભાર્થીને લાભ મળ્યાની વિગત શુ છે?**

**જવાબ**

| કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૨–૨૦૨૩ અંતર્ગત થયેલ પ્રગતિ | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જીલ્લા** | **ભૌતિક લક્ષ્યાંક** | **કુલ મળેલ અરજી** | **મંજુર થયેલ અરજી** | **કિટ વિતરણ થયેલ લાભાર્થીની સંખ્યા** |
| **૧** | અરવલ્લી | ૪૦૩૩ | ૩૯૨૫ | ૩૮૦૪ | ૩૮૦૩ |
| **૨** | બનાસકાંઠા | ૫૩૫૭ | ૩૨૫૦ | ૩૨૫૦ | ૩૨૦૨ |
| **૩** | ભરુચ | ૫૯૦૦ | ૧૯૨૩ | ૧૯૨૩ | ૧૯૨૨ |
| **૪** | છોટાઉદેપુર | ૧૬૧૫૬ | ૧૬૮૭૮ | ૧૬૨૬૧ | ૧૬૦૧૮ |
| **૫** | દાહોદ | ૨૯૮૦૭ | ૩૫૦૦૯ | ૩૪૯૬૯ | ૩૪૮૩૩ |
| **૬** | ડાંગ | ૨૪૯૩ | ૨૪૯૬ | ૨૪૯૩ | ૨૪૦૧ |
| **૭** | મહિસાગર | ૬૬૦૩ | ૯૮૪૬ | ૬૬૩૩ | ૬૬૦૩ |
| **૮** | નર્મદા | ૬૧૦૨ | ૬૫૮૯ | ૬૧૦૨ | ૬૧૦૨ |
| **૯** | નવસારી | ૭૫૦૦ | ૪૮૫૮ | ૪૮૫૮ | ૪૮૦૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧૦** | પંચમહાલ | ૭૦૬૦ | ૬૨૬૯ | ૫૭૦૨ | ૫૬૫૬ |
| **૧૧** | સાબરકાંઠા | ૬૧૮૯ | ૪૭૬૭ | ૪૭૦૨ | ૪૬૯૮ |
| **૧૨** | સુરત | ૮૬૮૦ | ૪૪૮૦ | ૪૪૮૦ | ૪૨૧૦ |
| **૧૩** | તાપી | ૮૨૦૧ | ૬૦૧૫ | ૬૦૧૫ | ૫૯૦૭ |
| **૧૪** | વલસાડ | ૯૬૨૫ | ૫૬૪૯ | ૫૬૪૭ | ૫૪૭૩ |
| **કુલ અરજી** | | **૧૨૩૭૦૬** | **૧૧૧૯૫૪** | **૧૦૬૮૩૯** | **૧૦૫૬૩૦** |

**પ્રશ્ન–૧૪ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર મળેલ અરજી સામે લાભાર્થીને લાભ મળ્યાની વિગત શુ છે?**

**જવાબ**

| **કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૩–૨૦૨૪ અંતર્ગત થયેલ પ્રગતિ** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **ભૌતિક લક્ષ્યાંક** | **કુલ મળેલ અરજી** | **મંજુર અરજી** | **કીટ વિતરણ થયેલ લાભાર્થીની સંખ્યા** |
| **૧** | અરવલ્લી | ૪૩૫૫ | ૪૩૫૬ | ૪૨૫૮ | ૪૨૫૪ |
| **૨** | બનાસકાંઠા | ૧૬૩૫ | ૧૬૩૫ | ૧૬૩૧ | ૧૬૩૦ |
| **૩** | ભરુચ | ૧૭૮૬ | ૧૭૮૬ | ૧૭૬૬ | ૧૬૦૬ |
| **૪** | છોટાઉદેપુર | ૭૪૪૨ | ૧૪૪૧૧ | ૭૫૫૭ | ૭૪૨૪ |
| **૫** | દાહોદ | ૨૨૧૫૮ | ૩૪૬૭૨ | ૨૩૫૦૩ | ૨૨૦૩૨ |
| **૬** | ડાંગ | ૧૭૫૩ | ૧૭૭૯ | ૧૬૨૫ | ૧૪૧૬ |
| **૭** | મહિસાગર | ૨૬૫૯ | ૭૦૩૬ | ૨૭૩૫ | ૨૬૫૯ |
| **૮** | નર્મદા | ૨૯૬૦ | ૫૭૮૭ | ૨૯૭૨ | ૨૯૬૧ |
| **૯** | નવસારી | ૪૨૩૩ | ૪૨૩૩ | ૪૧૭૩ | ૪૧૬૨ |
| **૧૦** | પંચમહાલ | ૪૦૦૪ | ૪૦૦૭ | ૩૮૦૮ | ૩૭૮૨ |
| **૧૧** | સાબરકાંઠા | ૪૧૬૩ | ૪૧૬૩ | ૩૮૯૬ | ૩૮૫૭ |
| **૧૨** | સુરત | ૨૫૭૮ | ૨૫૭૮ | ૨૪૮૯ | ૨૪૮૪ |
| **૧૩** | તાપી | ૮૩૧૦ | ૮૩૧૧ | ૭૭૯૦ | ૭૭૬૨ |
| **૧૪** | વલસાડ | ૬૧૩૮ | ૬૧૪૨ | ૬૧૨૭ | ૫૩૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| **કુલ અરજી** | **૭૪૧૭૪** | **૧૦૦૮૯૬** | **૭૪૩૩૦** | **૭૧૩૫૬** |

**પ્રશ્ન–૧૫ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ અમલીકરણ એજન્સીને ચુકવણુ કરવા માટેની શરતો શુ છે?**

**જવાબ** આ યોજના હેઠળ અમલીકરણ એજન્સીને ૫૦% રકમ એડવાન્સ, ૩૦% રકમ તમામ લાભાર્થીને કિટ વિતરણ કર્યા બાદ સંબધિત પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા તે અંગેનું પ્રમાણપત્ર મળ્યા બાદ તથા આખારી ૨૦% રકમ બિયારણ ચકાસણીનો અહેવાલ, માર્કેટ લીંકિજ અહેવાલ અને તાલીમ અંગેના અહેવાલ રજુ કર્યા બાદ કરવામાં આવે છે.

**પ્રશ્ન–૧૬ કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ લાભાર્થી પાસેથી લાભાર્થી ફાળો લેવામાં આવે છે જો હા તો કેટલો? તથા યોજનાના પ્રચાર–પ્રસાર માટે શુ પગલા લેવામાં આવે છે?**

**જવાબ** યોજના અંતર્ગત ૧ એકર માટે લાભાર્થી દિઠ રૂ.૫૦૦/– લાભાર્થી ફાળો તથા ૦.૫ એકર માટે રૂ. ૨૫૦/– લાભાર્થી ફાળો લેવામાં આવે છે તથા યોજના હેઠળ પ્રચાર –પ્રસાર માટે રાજ્યકક્ષાએથી ૨ પ્રસિદ્ધ વર્તમાન પત્રોમાં જાહેરાત આપવામાં આવે છે.

**પ્રશ્ન–૧૭ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત સુરત જીલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ડેપો પરથી વિતરણ થયેલ છે તે ડેપોના નામ સરનામા સાથેની વિગતો**

**જવાબ**

| |
|---|
| ૧.જી.એ.ટી.એલ કિસાન સુવિધા કેન્દ્ર, ઝંખવાવ રોડ માંડવી તા: માંડવી જી: સુરત. |
| ૨. .જી.એ.ટી.એલ કિસાન સુવિધા કેન્દ્ર, એ–૧ રામવાટિકા, રેસિડેન્સી કેવડી રોડ ઉમરપાડા તા: ઉમરપાડા જી: સુરત |
| ૩. .જી.એ.ટી.એલ કિસાન સુવિધા કેન્દ્ર, માર્કેટ યાર્ડ મઢી તા: બારડોલી, જી: સુરત |

| | |
|---|---|
| ૪. .જી.એ.ટી.એલ કિસાન સુવિધા કેન્દ્ર, અનાવલ તળાવ રોડ, અનાવલ  તા: મહુવા જી: સુરત | |
| ૫. .જી.એ.ટી.એલ કિસાન સુવિધા કેન્દ્ર, પેટ્રોલ પંપ પાસે મોસળી, ચોકડી માંગરોલ તા: માંગરોલ જી: સુરત | |

**પ્રશ્ન–૧૮ કૃષિ વૈવિધ્યકરણ યોજના અંર્તગત સુરત જીલ્લામાં છેલ્લા પાચ વર્ષમાં લક્ષ્યાંક સામેની સિદ્ધી (મળેલ અરજીઓ મંજુર અરજીઓ તથા લાભ લીધેલ ન હોય તે લાભાર્થીની સંખ્યા)**

**જવાબ**

| વર્ષ | લક્ષ્યાંક સામે સિધ્ધી | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | લાભ લીધેલ ન હોય તે લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|
| **૨૦૧૯–૨૦** | ૬૮૦૦ | ૮૪૫૨ | ૬૮૦૦ | ૧૬૫૨ |
| **૨૦૨૦–૨૧** | ૬૧૦૦ | ૬૫૨૦ | ૬૧૦૦ | ૪૨૦ |
| **૨૦૨૧–૨૨** | ૫૪૭૯ | ૬૦૬૪ | ૫૯૦૦ | ૫૮૫ |
| **૨૦૨૨–૨૩** | ૪૨૧૦ | ૪૨૪૮ | ૪૨૧૦ | ૩૮ |
| **૨૦૨૩–૨૪** | ૨૪૮૪ | ૨૪૮૪ | ૨૪૮૪ | ૦ |
| **કુલ :** | **૨૫૦૭૩** | **૨૭૭૬૮** | **૨૫૪૯૪** | **૨૬૯૫** |

<u>કૃષિ વૈવિધ્યકરણ યોજના</u>

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વનબંધુ કલ્યાણ યોજના (માન.મુખ્ય મંત્રીશ્રીનાં દશ મુદ્દા કાર્યક્રમ)હેઠળ આદિજાતિ વિસ્તારનાં આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ માટે અર્થે ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી–સેગ) ગાંધીનગર દ્વારા કૃષિ વૈવિધ્યકરણ યોજના–અમલમાં મુકવામાં આવેલ છે

આદિજાતિ જીલ્લાઓમાં વર્ષ ૨૦૧૨–૨૦૧૩ થી કૃષિ વૈવિધ્યકરણ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૦૨૩ સુધી યોજના હેઠળ આદિજાતિ ખેડુતોને મકાઈ, દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણના સુધારેલ બિયારણ તથા ડી.એ.પી. યુરીયા અને પ્રોમ ખાતરની કિટ આપવામાં આવતી હતી.

વર્ષ ૨૦૨૨–૨૦૨૩ અને વર્ષ ૨૦૨૩–૨૦૨૪ દરમ્યાન કૃષિવૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડુત લાભાર્થીઓને અનુક્રમે પ્રતિ લાભાર્થી ૦.૫ અને ૧ એકર માટે નીચે મુજબની ખેતી આધારિત કીટ તેમજ સંલગ્ન તાલીમ જી.એસ.એફ.સી એગ્રોટેક લિ. વડોદરા દ્વારા આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨–૨૦૨૩ અંતર્ગત ખાતર અને કિટની વિગતો (૦.૫ એકર માટે)

| ક્રમ | બિયારણ | બિયારણનો આપવામાં આવતો જથ્થો (કિલો ગ્રામ) | ખાતરનો આપવામાં આવતો જથ્થો | | બિયારણ તથા ખાતર કીટની કિંમત રૂ. |
|---|---|---|---|---|---|
| | | | યુરીયા | પ્રોમ (ઓર્ગેનિક મેન્યુઅર) | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧** | **મકાઈ** | **૪.૦૦** | **૪૫** | **૫૦** | **૨૭૧૫/-** |
| **૨** | **દુધી** | **૦.૩૦૦** | **૪૫** | **૫૦** | **૨૭૪૬/-** |
| **૩** | **કારેલા** | **૦.૫૫૦** | **૪૫** | **૫૦** | **૪૪૬૨/-** |
| **૪** | **ભીંડા** | **૨.૦૦૦** | **૪૫** | **૫૦** | **૪૫૫૧/-** |
| **૫** | **રીંગણ** | **૦.૦૩૦** | **૪૫** | **૫૦** | **૨૦૧૫/-** |
| **૬** | **ટામેટા** | **૦.૦૩૫** | **૪૫** | **૫૦** | **૨૯૨૭/-** |

**વર્ષ ૨૦૨૩-૨૦૨૪ અંતર્ગત ખાતર અને કિટની વિગતો (૦.૧ એકર માટે)**

| **ક્રમ નં** | **બિયારણનું નામ** | **બિયારણનો જથ્થો (કિ.ગ્રામાં)** | **ખાતર (નામ અને જથ્થો)** | | | **કિટની કિમત** |
|---|---|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૨૦ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫૩૦૦/- |
| ૨ | સોયાબીન | ૨૫ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૫૨૦૦/- |
| ૩ | તુવેર | ૩ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૩૨૦/- |
| ૪ | ડાંગર | ૬ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૪૮૩/- |
| | રીંગણ | ૦.૦૨ | | | | |
| ૫ | જુવાર | ૪ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૩૧૦૦/- |
| ૬ | ભિંડા | ૨ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૪૮૭૬/- |
| ૭ | અડદ | ૪ | નેનો યુરીયા (૧ બોટલ – | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૭૦૦/- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૫૦૦ml) | | | |
| ૮ | નાગલી | ૨ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૪૮૦/- |
| ૯ | બાજરા | ૧.૫ | નેનો યુરીયા (૧ બોટલ – ૫૦૦ml) | ડી.એ.પી. ૫૦ કિલો | પ્રોમ ૫૦ કિલો | ૨૭૭૦/- |

**જીલ્લાવાર ખાતર અને બિયારણની કિટ :–**

| કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૨–૨૦૨૩અને ૨૦૨૩–૨૦૨૪ અંતર્ગત બિયારણ અને ખાતરની વિગતો | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જીલ્લા** | **વર્ષ ૨૦૨૨–૨૦૨૩** | | **વર્ષ ૨૦૨૩–૨૦૨૪** | |
| | | **બિયારણ** | **ખાતર** | **બિયારણ** | **ખાતર** |
| 1 | બનાસકાઠા | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | મગફળી અને બાજરી | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 2 | સાબરકાઠા | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | મગફળી, બાજરી, સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 3 | અરવલ્લી | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | મગફળી, બાજરી, સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 4 | મહિસાગર | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 5 | પંચમહાલ | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6 | દાહોદ | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 7 | છોટાઉદેપુર | મકાઈ | ડી.એ.પી. અને પ્રોમ | સોયાબીન | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 8 | ભરુચ | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 9 | નર્મદા | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 10 | નવસારી | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | ડાંગર અને રીંગણ, ભિંડા | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 11 | વલસાડ | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | ડાંગર અને રીંગણ, ભિંડા, નાગલી | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 12 | સુરત | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર, તુવેર, ડાંગર અને ભિંડા અને અડદ | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 13 | તાપી | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | જુવાર , તુવર, ડાંગર અને ભિંડા, નાગલી અને અડદ | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |
| 14 | ડાંગ | દુધી, કારેલા, ભિંડા, ટામેટા અને રીંગણ | ડી.એ.પી. અને પ્રોમ | નાગલી અને તુવેર | નેનો યુરીયા, ડી.એ.પી. અને પ્રોમ |

| વર્ષવાર સિદ્ધી અને ખર્ચ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | ગ્રાન્ટ ( રૂ. લાખમાં ) | ગ્રાન્ટ ખર્ચ ( રૂ. લાખમાં ) | લાભાર્થી લક્ષ્યાંક | લાભાર્થી સિદ્ધી |
| ૨૦૧૨-૧૩ | ૨૯૭૯ | ૨૯૭૯ | ૨૧૦૦૦૦ | ૨૧૦૦૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૨૯૧ | ૨૨૯૧ | ૨૨૩૦૦૦ | ૨૨૩૦૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૩૪૨૯ | ૩૪૨૯ | ૧૩૬૪૮૭ | ૧૩૬૪૮૭ |
| ૨૦૧૫-૧૬ | ૩૪૦૦ | ૩૪૦૦ | ૧૦૫૩૭૦ | ૧૦૫૩૭૦ |
| ૨૦૧૬-૧૭ | ૨૯૯૨ | ૨૯૯૨ | ૮૫૬૯૪ | ૮૫૬૯૪ |
| ૨૦૧૭-૧૮ | ૧૦૭૮ | ૧૦૭૮ | ૩૬૬૦૪ | ૩૬૬૦૪ |
| ૨૦૧૮-૧૯ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૯૧૦૯૫ | ૯૧૦૯૫ |
| ૨૦૧૯-૨૦ | ૨૮૨૨ | ૨૮૨૨ | ૭૦૫૭૩ | ૭૦૫૭૩ |
| ૨૦૨૦ -૨૧ | ૩૩૫૬ | ૩૩૫૬ | ૭૬૭૦૦ | ૭૬૭૦૦ |
| ૨૦૨૧-૨૨ | ૨૫૭૪ | ૩૦૦૦ | ૧૨૬૭૦૦ | ૧૧૯૧૫૩ |
| ૨૦૨૨-૨૩ | ૩૪૦૦ | ૩૩૨૬ | ૧૨૩૭૦૬ | ૧૦૫૬૧૩ |
| ૨૦૨૩-૨૪ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૭૪૧૭૪ | ૭૧૪૯૫ |
| કુલ | ૩૪૩૨૦ | ૩૪૬૭૨ | ૧૩૬૦૧૦૩ | ૧૩૩૧૭૮૪ |

**લાભાર્થી પાત્રતા:-**

**આ યોજનાનો લાભ 0 થી 20નો સ્કોર ધરાવતા બી.પી.એલ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓ ,વન અધિકાર અધિનિયમ હેઠળ જમીન ખેડતા આદિજાતિ ખેડુતો તથા આદિમ જૂથના ખેડુતોને લાભ મળવા પાત્ર છે.**

- **તમામ લાભાર્થીઓને જી.એસ.એફ.સી .એગ્રોટેક લી .દ્વારા વાવણી પહેલાની અને વાવણી પછીની તાલીમ આપવામાં આવે છે.**
- **જી.એસ.એફ.સી. એગ્રોટેક લી. દ્વારા માર્કેટ લીકેજની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે.**
- **યોજના હેઠળ ડી-સેગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ થી** www.dsagsahay.gujarat.gov.in **ઓનલાઈન પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે પોર્ટલની મદદથી યોજનાનું અમલીકરણ વધુ પરદર્શી બન્યુ છે. અરજી કરવાથી લઈ લાભો મંજુર કરવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન થાય છે અને ડુપ્લીકેશન નિવારી શકાય છે.**

અગ્રતા ક્રમઃ– (૨૧)

(૧) શ્રી નિમિષાબેન સુથાર (મોરવા–હડફ)